# ઝડપી લીધેલી ક્ષણનું શિલ્પ | પ્રફુલ્લ રાવલ

**[ક્ષણનો ઝરૂખો :** ભગીરથ બ્રહ્મભટ્ટ, રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, ગાંધીરોડ, અમદાવાદ-૧, બીજી આવૃત્તિ, પૃ. ૧૩૦+૨૨ = ૧૫૨, કિં. રૂ. ૮૦/-]

લઘુકથાને 'ઝડપી લીધેલી ક્ષણનું શિલ્પ' કહેતાં ભગીરથ બ્રહ્મભટ્ટ પૂર્ણ નિસબત અને સમજથી લઘુકથા લખનાર લઘુકથાસર્જકો પૈકીના આશાસ્પદ લઘુકથાકાર છે તેની પ્રતીતિ એમનો આ વાર્તાસંગ્રહ 'ક્ષણનો ઝરૂખો' કરાવે છે. આ સંગ્રહમાં ૧૦૫ લઘુકથાઓનો સમાવેશ કર્યો છે અને પ્રત્યેક લઘુકથામાં ભગીરથની એ સ્વરૂપને તાગવાની કોશિશ પમાય છે. આ છટકણું સ્વરૂપ ક્યારેક સર્જકને હાથતાળી દઈ જાય છે તે પણ કેટલીક લઘુકથા દ્વારા પમાય છે, પરંતુ બહુધા આ લઘુકથાકાર સ્વરૂપની સીમામાં રહીને ક્ષણનું શિલ્પ ઝડપી લેવામાં કારગત નીવડ્યા છે. અને આથી જ એમનો આ સંગ્રહ લઘુકથાના વિસ્તારમાં પોતાનું અસ્તિત્વ જાળવવા સક્ષમ બને છે.

ક્ષણને પકડવી અને એ જ ક્ષણને સુયોગ્ય રૂપે અભિવ્યક્ત કરીને ભાવકના મનમાં કશીક છાપ – impression – પાડવી એ લઘુકથાના સર્જકનું લક્ષ્ય છે. 'ફોતરાં' એ સંદર્ભે એક માતબર કૃતિ છે. મગફળી સાથે અનુની સ્મૃતિ સંકળાયેલી છે એ જ નાયકને પજવી રહે છે. અનુ પાસે હતી ત્યારે પણ નાયકના ભાગ્યમાં ફોતરાં જ આવતાં. અને ચાલીસ વર્ષ બાદ જ્યારે મગફળીને નાયકના અંગૂઠાનો સ્પર્શ થાય છે ત્યારે 'એનો અગ્રભાગ ફૂટે છે – તૂટે છે ને અંદરથી બહાર નીકળે છે અનુ' પછી પણ નાયકના હાથમાં રહી જાય છે મગફળીનાં ફોતરાં ! અને ત્યારે નાયકનો ઉદ્‌ગાર આવો છે – 'કાળાન્તરે કદાચ દાણા બગડે, ફોતરાં બગડતાં નથી' આ આશ્વાસનમાં કરુણગર્ભ વ્યંજના છે જે ભાવકના મનને હલબલાવી નાખે છે. લઘુકથાકારનું આ જ કામ છે. ભગીરથે સાવ ક્ષુલ્લક ઘટનાનો આધાર લઈને નાયકની મનોવેદનાને સાવ હળવી છતાંય માર્મિક રીતે વ્યક્ત કરી છે. લઘુકથાકારે અત્યંત લાઘવથી 'પાતળા બાંધાની, ઊંચી, ગોરી, કસરતબાજ' અનુની ઓળખ આપી છે જે એનું 'શરીર રબરની જેમ વાળતી' હતી અને નાયક એના પર મુગ્ધ હતો. કશાય પ્રસ્તાર વગર તદ્દન ખપ પૂરતા શબ્દોના સહારે ભગીરથે કથાનું રૂપ ઉઘાડી આપ્યું છે. અંત પણ વેધક છે. વાચક વિચારના સરાણે ચડે છે એ જ લઘુકથાની સિદ્ધિ છે. આ પ્રકારની લઘુકથાઓ આ સંગ્રહમાં એકાધિક છે.

'ભાવ-નગર'માં પિતાપુત્રીનું સમસંવેદન જ ભાવકને ઝણઝણાવી નાખે છે. ઉભય અન્યોન્યથી જે ગોપિત રાખવા ઇચ્છે છે તે વાચકોથી પરિચિત જ છે. એ જ વિધિની વક્રતા છે. વેદના જરાય બોલકી બની નથી. લઘુકથાકારની આ સિદ્ધિ છે. 'સાક્ષાત્કાર(ળ)'માં વેદના નોખા રૂપે મુકાઈ છે. મહદંશે નિષ્ફળ પ્રણયની કે જીવનની કરુણતા ભગીરથની લઘુકથાનો વિષય છે. એમાં ક્યારેક આભાસ પણ છે. 'ડમરી' થોડીક તરત ન સમજાય તેવી પ્રણયની સ્મૃતિને સતેજ કરતી લઘુકથા છે. 'મોગરો' પ્રયોગાત્મક કૃતિ છે, પરંતુ આ જ ભાવ 'નાયિકાનું કાવ્ય' લઘુકથામાં પુનરાવર્તન પામ્યો છે. 'જાનકી' વિશિષ્ટ લઘુકથા છે. પુરાણકથાનો આધાર લઈને સંવેદનાની ધારને વિલક્ષણ રૂપે મૂકીને કટાક્ષ કર્યો છે. પણ કટાક્ષ કળાત્મક રૂપે થયો છે એટલે લઘુકથા કૉળી છે. સ્વરૂપને આંચ આવતી નથી. પત્ની પતિની ભાવનાને સમજીને જે ભાવ દર્શાવે છે તે જ લઘુકથાની સફળતા બને છે. આપણી સંસ્કૃતિમાં પતિવ્રતા નારીની મહત્તા છે જે પરોક્ષ રીતે રાઘવની પત્ની દ્વારા છતી થઈ છે. રાઘવ નામ પણ સૂચક છે. આ રાઘવ રામાયણ વાંચવાનું બંધ કરે છે ત્યાં લઘુકથાનો અંત છે. ઘણું કહેવાયું છે. 'જાનકી' શીર્ષક યથાર્થ થયું છે.

'એટલે શું ?'ની વ્યંજના હેમાની કરુણતાને સ્પર્શે છે. માત્ર અભિધા પર ઊભેલી 'રાજરમત' લઘુકથા આ છટકણા સ્વરૂપને નિર્દેશે છે. 'અકસ્માત'માં કેવળ કથન છે. ભાવનાત્મક કથન છે. 'ચગદાઈ ગયેલી મોસંબી'માં નાયકને પોતાનું હૃદય દેખાય છે જે પ્રણયમાં મળેલી નિષ્ફળતા સૂચવે છે. 'સિવાવું' એ કાવ્યાત્મક લઘુકથા છે. 'બટન-બદન'નો શબ્દપ્રયોગ વ્યંજનાને ધારદાર બનાવે છે. આ લઘુકથા જાણે વેદનાનું કાવ્ય છે. 'બાવળ' પણ ઊર્મિસભર કથા છે. કથાનાયકની અતીતની સફરમાં બાવળ સાથે સંતુડી પણ છે. બાવળ તો પ્રતીક બની રહે છે, સંતુડીને યાદ કરવામાં. ઊંડી અસર મૂકી જતી આ લઘુકથા ભગીરથમાં બેઠેલા નિબંધકારને પણ આવૃત્ત રાખતી નથી.

ગ્રામ્યજીવન, પશુ-પક્ષી, ખેતર ઇત્યાદિને આલંબન બનાવીને ભગીરથ બ્રહ્મભટ્ટે લઘુકથાનું સર્જન કર્યું છે ત્યાં ક્યારેક વ્યંજનાથી મન આળું થઈ જાય છે તો ક્યાંક ભાવ બોલકો બનીને કથાને કળાકૃતિ બનાવવામાં આડ ઊભી કરે છે. પ્રત્યેક સર્જકે ભાવની નદીને વહેતી રાખવા સાથે એને સંયમિત રાખવી પણ આવશ્યક છે. સંખ્યાના લોભમાં ન તણાયા હોત તો ભગીરથ બ્રહ્મભટ્ટ કેટલીક નમૂનેદાર લઘુકથાઓ દ્વારા આ સ્વરૂપને રળિયાત બનાવી શક્યા હોત. છતાંય આ સંગ્રહની લઘુકથા ભગીરથને લઘુકથાકાર તરીકે સ્થાપિત કરવા માટે સક્ષમ તો છે જ.